**647510** **ARTguAE101B-1C** **Seat No :________**

**B.A Semester - 1 (NEP-2020) Examination**

**OCT/NOV-2024**

**GUJ: Gujarati Lekhan Kaushal Bhag-1 (Ability Enhancement Course)**

**Time: 1:00 Hours** **Marks: 25**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઇપણ એકનો નિબંધશૈલીમાં વિસ્તારથી જવાબ લખો. (૧૦)

(1) વૈષ્ણવજન એને કહીએ.. (3) સાહિત્યકાર અને સમાજ

(2) મારા સપનાનું ભારત..

પ્રશ્ન.૨ નીચેના બે-માંથી કોઇ એકનો જવાબ લખો. (૧૦)

(1) કાવ્યનું રસદર્શન કરો.

મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે ?
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
ટળવળે તરસ્યાં, ત્યાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મૂસળધાર વરસી જાય છે !
ઘર વિના ઘૂમે હજારો ઠોકરાતા ઠેરઠેર,
ને ગગનચૂંબી મહેલો જનસૂનાં રહી જાય છે !
દેવડીએ દંડ પામે ચોર મૂઠી જાર ના,
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે !
કામધેનું ને મળે ના એક સુકું તણખલું,
ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !
છે ગરીબો ના કૂબામાં તેલ ટીપું ય દોહ્યલું,
ને શ્રીમંતો ની કબર પર ઘી ના દીવા થાય છે !!! – કરસનદાસ માણેક

અથવા

(2) નીચેની બેમાંથી કોઇપણ એક કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો.

"મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ;
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ". – 'મરીઝ'

અથવા

"આવ ! મારા રેશમી દિવસોનાં કારણ;
જિંદગી જેને કહે છે એ અહીં ઠેબે ચડી છે". – શ્યામ સાધુ

પ્રશ્ન.3 નીચેનામાંથી કોઇપણ એકનો જવાબ લખો. (૦૫)

આપની કોલેજમાંથી પ્રકૃતિ-શિબિરમાં અઠવાડિયાનાં કેમ્પમાં થયેલા અનુભવનો અહેવાલ લખો.

અથવા

આપના વિસ્તારમાં ચોમાસામાં થયેલા નુકસાન અને ગંદકીને દૂર કરવા બાબતે કમિશ્નરશ્રીને સંબોધીને અરજી લખો.

****************